ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



આખુ વર્ષ રાજકારણના વિવિધ રંગોમાં ડુબેલા રહેતા મંત્રીઓ અને ધારાસભ્યો આજે કુદરતના વિવિધ રંગોમાં ગુલતાન બન્યા હતા. સ્વર્ણિમ સંકુલમાં ધારાસભ્યો અને મંત્રીઓ માટે હોળીની વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિધાનસભામાં વિવિધ મુદ્દાઓ પર ધીર ગંભીર ચર્ચાઓ કરતા પ્રજાના પ્રતિનિધિઓ આજે હળવાફુલ લાગ્યા હતા અને એકબીજાને વિવિધ રંગોમાં રીતસર ઝબોળી નાંખ્યા હતા. યુવા ધારાસભ્યોએ ઉજવણીને વધુ આનંદ-ઉલ્લાસભરી બનાવી દીધી હતી. ધારાસભ્યોની સાથે પત્રકારો અને ફોટોગ્રાફર્સ પણ હોળીની ઉજવણીમાં જોડાયા હતા.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક ૧૪મીએ મળશે

## ખાસ સામાન્ય સભા હોઈ વર્ષ-૨૦૨૩-૨૪નું પંચાયતનું બજેટ તેમજ મનરેગાનું લેબર બજેટ અને અન્ય એક મુદ્દાનો જ એજન્ડા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્ર માટે ખાસ સામાન્ય સભા બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ખાસ સામાન્ય સભા ૧૪મી માર્ચના રોજ મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષપદે બપોરે બે વાગે પંચાયતના સરદાર હોલમાં આ ખાસ સામાન્ય સભા યોજવામાં આવશે.

જિલ્લા પંચાયતમાં આ ખાસ સામાન્ય સભા હોઈ સભ્યો દ્વારા પ્રશ્નોત્તરી રજુ થશે નહિ. આ ખાસ સામાન્ય સભામાં વર્ષ-૨૦૨૩-૨૪નું અંદાજપત્ર તેમજ મનરેગાનું વર્ષ ૨૦૨૩-૨૪નું લેબર બજેટ રજુ કરવામાં આવશે અને ચર્ચાને અંતે તે પસાર કરવામાં આવશે.

જિલ્લા પંચાયતના વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં નવી આવકના સાધનો શોધવામાં સત્તાધારી પક્ષ નિષ્ફળ રહ્યો હોવાથી પુરાંતમાં ઘટાડો થવાની સંભાવનાઓ રહેલી છે.

બજેટને લઈ સત્તાધારી પક્ષમાં થયેલો ચણભણાટ શમી ગયાના સંકેતો મળી રહ્યા છે. જો કે બજેટમાં સુધારા-વધારા કરાશે કે ચર્ચામાં સીધુ જ પસાર કરી દેવામાં આવશે તેના પર રાજકીય વર્તુળો નજર રાખી રહ્યા છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં મનરેગાનું લેબર બજેટ પણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી રજુ કરી ચર્ચાને અંતે પસાર કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

ગત નાણાંકીય વર્ષની તુલનામાં

# આ વર્ષે પણ દ્વિચક્રી વાહનોની ખરીદીનો ટ્રેન્ડ યથાવત

## ગત વર્ષની તુલનામાં ૨૪૦૦થી વધુ વાહનોની ખરીદી થઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં વર્ષ-૨૦૨૧-૨૨ની તુલનામાં ૨૦૨૨-૨૩માં ૨૪૫૦ જેટલા વાહનો વધુ ખરીદવામાં આવ્યા છે. વાહનોની ખરીદી વધતાં મનપાની વાહન વેરાની આવકમાં પણ રૂ. બે કરોડથી વધુનો વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગત નાણાંકીય વર્ષની તુલનામાં આ વર્ષે પણ દ્વિચક્રી વાહનોની ખરીદી શહેરમાં વધુ થઈ છે. ફોર વ્હીલરની પણ ખરીદી પણ વધી છે.

નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨માં ટુવ્હીલર ફેબ્રુઆરી અંતિત ૫૫૯૨ ખરીદાયા હતા જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં આ દ્વિચક્રી વાહનો ૭૧૯૨ ખરીદવામાં આવ્યા છે. આમ ૨૦૨૧-૨૨ની તુલનામાં ૧૬૦૦ જેટલા વધુ ખરીદવામાં આવ્યા છે.

ફોર વ્હીલર સાધનો વર્ષ-૨૦૨૧-૨૨માં ફેબ્રુઆરીના અંત સુધીમાં ૪૨૪૨ ખરીદવામાં આવ્યા હતા જેની સામે ચાલુ નાણાંકીય વર્ષમાં ૪૮૮ વાહનો ફોર વ્હીલર ખરીદવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રા. શાળાઓમાં ધો. ૩ થી ૮ની પરીક્ષા ૩જી થી ૨૧મી એપ્રિલ દરમ્યાન યોજાશે

## ધો. ૫ અને ૮માં નાપાસ કરવાના નિર્ણયમાં થોડીક છુટછાટ પણ આપવાના સંકેતો મળ્યા છે : 'ઈ' ગ્રેડ મેળવનાર બાળક માટે બે માસના ઉપચારાત્મક વર્ગ પછી પુનઃ કસોટી લેવાશે

ગાંધીનગર, તા. ૭

જિલ્લાની પ્રા. શાળાઓમાં ૩જી એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમ્યાન ધો. ૩ થી ૮ની દ્વિતીય સત્રાંત પરીક્ષાઓ યોજવામાં આવશે.

આ અંગેનું સમયપત્રક પણ જાહેર કરી દેવામાં આવ્યુ છે. આ દ્વિતીય સત્રાંત પરીક્ષામાં નવે-૨૨ થી માર્ચ-૨૩ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.

ધો. ૩ અને ધો. ૪ ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં જ ઉત્તરો લખવાના રહેશે. જ્યારે ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં અલગથી ઉમેરો લખવાના રહેશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રવર્તમાન માળખામાં ધો. ૫ અને ધો. ૮ મા 'E' ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને બે માસના સમયગાળામાં ઉપચારાત્મક શિક્ષણ કર્યા બાદ શાળાકક્ષાએ પુનઃ કસોટી યોજવાની રહેશે. પુનઃ કસોટીમાં જે વિદ્યાર્થીઓ પોતાના ગ્રેડમાં અપેક્ષિત સુધારો કરી શકે તો જ વર્ગ બઢતી આપવાની રહેશે. ધો. ૫ અને ૮ સિવાયના અન્ય કોઈ ધોરણમાં વિદ્યાર્થીને રોકી રાખી શકાશે નહિ.

ધો. ૫ અને ૮ માં નાપાસ કરવાના નિર્ણયમાં સરકારે હળવાશ કરતાં આ મહત્વનો નિર્ણય કર્યો છે. જો કે બે માસમાં કેટલા બાળકો ઉપચારાત્મક વર્ગમાં ગ્રેડ સુધારી શકશે તે તો સમય જ કહી શકશે.

જિલ્લામાં હાલ પરીક્ષાનો

● અનુસંધાન પાન-૭ પર

# ભારે વાહનોથી ધમધમતા રાંધેજા-પેથાપુર માર્ગને ફોરલેન કરવામા આવશે

## પેથાપુર જંકશન પર ફ્લાય ઓવર બાંધવાની સાથે આ માર્ગને પણ ફોરલેન કરાશે

ગાંધીનગર તા ૭


સ્માર્ટ બનતા ગાંધીનગરમાં રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવ્યું છે શહેરના મુખ્યમાર્ગોની સાથે સેક્ટરોના અપ્રોચને પણ પહોળા કરવામાં આવ્યા છે જયારે જયારે શહેર નજીક ટ્રાફિકથી ધમધમતા જંકશનને અનુલક્ષીને પણ તબક્કાવાર માર્ગોના વાઈડનીંગનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે રાંધેજાથી પેથાપુર સુધીના માર્ગ પર ટ્રક, ટ્રેલર સહિત ભારે વાહનોની અવર જવરમાં મોટો વધારો થવાના પગલેઆ માર્ગને પહોળો કરીને ફોરલેન કરવાનો નિર્ણય લેવાયો છે. આ કાર્યયોજના અન્વયે નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવી હોવાથી પ્રોજેક્ટનું કામ ઝડપથી પૂર્ણ કરાશે

ગાંધીનગર શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લામાં જોડાયેલા વિવિધ માર્ગો નું પણ તબક્કાવાર વાઈડનીંગ કરવામાં આવી રહ્યું છે પેથાપુર જંકશન પર ગાંધીનગરથી મહુડી તિર્થ રોડ પર ફલાય ઓવર બ્રિજ બાંધવા માટે તેની ડિઝાઈન સહિત શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટે ખાનગી કંપનીને કામગીરી સોંપવામાં આવશે .જે અન્વયે જવાબદાર એજન્સી એ જ વન વિભાગ, ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ અને મહાનગર પાલિકા તથા માર્ગ અને મકાન વિભાગ પાસેથી જરૂરી મંજુરી મેળવવાની પ્રક્રીયા પૂર્ણ કરવાની રહેશે જયારે આ બ્રિજનું બાંધકામ કરવામાં આવે તેની પહેલા રાંધેજાથી પેથાપુર સુધીના માંર્ગને અંદાજે ત્રણ કિલોમીટર લંબાઈમાં ફોરલેન કરવા ગતિવિધિ

● અનુસંધાન પાન-૭ પર



પરંપરાગત હોલી નૃત્ય - હોળી-ધૂળેટીના પર્વે મંગળવારે રાજ્યના મંત્રીઓ અને ધારાસભ્યો ધૂળેટીના પર્વે કેસુડાના રંગે રંગાયા હતા... ત્યારે પરંપરાગત રાજસ્થાની - મારવાડી નૃત્યની પ્રસ્તુતિએ આકર્ષણ જમાવ્યું હતું.



વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લામાં ૬ પશુપાલન શિબિરોનું આયોજન કરાયુ

## કઠોળ પાકમાં આંતર પાક ખેત પદ્ધતિના ૩૫૫ નિદર્શન કેમ્પ યોજાયા

ગાંધીનગર, તા. ૭

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક શિક્ષણને લગતા પ્રશ્નો પ્રશ્નોત્તરીમાં રજુ થયા હતા. કૃષિની સાથે સાથે શિક્ષણ અને તેમાં પણ ગુણોત્સવ મૂલ્યાંકનના પરિણામોને લઈ સભ્યો ચિંતીત દેખાતા હતા. પ્રશ્નોત્તરી સમય દરમ્યાન જોવા મળતી ઉત્તેજના આજે બહુ જોવા મળી ન હતી. ગૃહમાં આજે જિલ્લાના સાત પ્રશ્નો રજુ થયા હતા.

● **આંતર પાક ખેત પદ્ધતિ નિદર્શન**

ભાજપના કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે જિલ્લામાં કઠોળના પાકમાં આંતર પાક ખેત પદ્ધતિના નિદર્શન કેમ્પો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આવા નિદર્શન કેમ્પો ૩૫૫ યોજવામાં આવ્યા હતા.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ઉક્ત નિદર્શન માટે રૂ. ૮ લાખ, ૪૦ હજારની સહાયની રકમ ચુકવવામાં આવી છે.

● **કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ સહાય**

ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે હા આવી સહાય ચુકવવામાં આવે છે. સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે છેલ્લા બે નાણાંકીય વર્ષમાં જિલ્લામાં આ સહાય પેટે રૂ. ૧ કરોડ ૪૨ લાખ, ૬૨,૯૪૫ની સહાય ચુકવવામાં આવી છે.

● **પશુપાલન શિબિરો**

ભાજપના માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યોજાયેલ પશુપાલન શિબિરો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૬ પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે આ શિબિરોમાં ૨૧૩૩ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. સભ્યના અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે આ શિબિરો પાછળ રૂ. ૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

● **મરઘા પાલનની તાલિમ**

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં અનુ. જાતિના લાભાર્થીઓને મરઘા પાલનની તાલિમ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૧ અનુ. જાતિના લાભાર્થીઓને પશુપાલનની તાલિમ આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું پگڑیون પઘડી



अत्यंत दुःख के साथ सूचित किया जाता है की
SHRI T. R. AGNANI
का दिनांक 07/03/2023 TUESDAY को स्वर्गवास हो गया है। सद्गत की बेसणुं/पघडी की रसम
दिनांक 09/03/2023 THIRSDAY
10:00 to 11:00 PM बजे रखी गई है।
Add : Plot No 171, Sector No. 8/C, GANDHINAGAR.
एवम समस्त AGNANI परिवार
(M) 9825185124

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

# શહેરના મુખ્ય માર્ગો પર વન વિસ્તારમાંથી ૩૦ દબાણો દુર કરાયા

## સે- ૨૨ ,૨૮ ૨૯માં પણ વન વિસ્તારની જગ્યમાંથી દબાણો હટાવવા માટે ઝુંબેશ શરૂ : સ્માર્ટ બનતુ ગાંધીનગર ગંદકી અને દબાણની સમસ્યાથી ઘેરાયેલુ છે. સેકટરોના કોર્મશિયલ વિસ્તારમાં દબાણોની સંખ્યા વધી રહી છે

ગાંધીનગર તા ૭

સ્માર્ટ બનતુ ગાંધીનગર ગંદકી અને દબાણની સમસ્યાથી ઘેરાયેલુ છે. સેકટરોના કોર્મશિયલ વિસ્તારમાં દબાણોની સંખ્યા વધી રહી છે. પાર્કીંગના ઠેકાણે લારી ગલ્લાની કતાર જોવા મળે છે. જયારે રહેણાંક વિસ્તાર નજીક પણ વન વિસ્તારમાં ઝુંપડાના દબાણો વધ્યા છે. વન વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે વનતંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. જે અન્વયે નગરના મુખ્ય ઘ, ચ અને ખ માર્ગ પરથી લારી ગલ્લાના ૩૦ જેટલા દબાણો દુર કરાયા છે. શહેરના સે- ૨૨, ૨૮ અને સે-૨૯ માંથી હાલ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં દબાણની સમસ્યા પેચીદી બની છે. જયારે દબાણના લીધે અનેકવિધ નાની મોટી અન્ય સમસ્યાઓ પણ આમ નાગરિકોને રોજીંદા જીવનમાં અડચણરૂપ બનતી જાય છે. જાહેર જગ્યાએ ઠેર ઠેર દબાણો ઉભા કરી દેવાતા સ્માર્ટ સીટીમાં દબાણો કાયમી દુર થાય તેવી માંગ પણ અનેકવાર ઉઠવા પામે છે. શહેરના રહેણાંક વિસ્તારમાં પણ હવે દબાણોનો પ્રશ્ન ગંભીર બન્યો છે. જેમાં સ્થાનિક રહીશો દ્વારા આડેધડ ફેન્સીંગ કરી દેવાતા રહીશોને ઘર આંગણે વાહનો પાર્ક કરવાના મામલે પણ મથામણ કરવી પડે છે. જયારે શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ દબાણોનો પ્રશ્ન પેચીદો બન્યો છે. કોર્મશિયલ ઝોનમાં પાર્કીંગની જગ્યાએ જ લારી ગલ્લા ગોઠવાઈ જતા વાહનોનો માર્ગ વચાળે જ ખડકલો થાય છે. સાંકડા સર્વિસ રોડ પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. શહેરના સે-૧૬ સે-૧૧ અને સે-૨૧ માં દબાણોની સમસ્યા અત્યંત જટીલ બની છે. જેના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો વચ્ચે રોજબરોજ સેંકડો વાહનચાલકોએ પરેશાનીના ભોગ બનવુ પડે છે. જયારે શહેરના જાહેર સ્થળો પર વધતા દબાણોની સાથે નગરનો વન વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં આવી ગયો છે. શહેરના મુખ્ય ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં પણ લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો વધી રહ્યા છે. જો કે છેલ્લા એક મહીનાથી વનતંત્રએ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરી છે. અત્યાર સુધી નગરના મુખ્ય ઘ , ચ અને ખ માર્ગ પરથી વનતંત્રએ લારી ગલ્લાના અંદાજિત ૩૦ જેટલા દબાણો દુર કરી દંડ વસુલી પણ કરી છે. વન વિસ્તારમાં વધતા દબાણમાં ઝુપડાઓની સંખ્યા પણ વધુ છે. જો કે હજુ પણ વન વિસ્તારની જગ્યામાં ઝુપડાઓની સંખ્યા વધુ છે. હાલ વનતંત્ર દ્વારા મુખ્યમાર્ગોની સાથે સોકટરોમાં વન વિસ્તારની જગ્યામાંથી લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે પણ અભિયાન હાથ ધર્યુ છે. હાલની સ્થિતિએ સે- ૨૨ , ૨૭, ૨૮ અને સે-૨૯ માંથી પણ લારી ગલ્લાના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. જો કે હજુ પણ શહેરના મુખ્યમાર્ગો આસપાસ લારી ગલ્લાના દબાણો યથાવત હોવાનો રોષ પ્રબળ છે. બીજીતરફ રહેણાંક વિસ્તાર નજીક જ ઝુંપડાવાસીઓની સંખ્યા વધી રહી છે. જેના લીધે રહીશોના ઘર આંગણે જ અનેકવિધ સમસ્યાઓ ઉદભવી છે. રહેણાંક નજીકથી ઝુપડા દુર કરવા માટે પણ અગાઉ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. ત્યારે હવે રહેણાંક વિસ્તારમાં કર્મચારીઓને ફાળવવામાં આવેલા પ્લોટથી મોટી જગ્યામાં ફેન્સીંગ કરી દેવાતા પાર્કીંગ સહીતની સમસ્યા પણ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com